# સામાન્યજ્ઞાનનું જીવનમાં મહત્ત્વ

સામાન્યજ્ઞાન એટલે માનવજીવનના દરેક પાસાંનું જ્ઞાન કે જે શૈક્ષણિક અભ્યાસનો ભાગ હોય કે ન હોય. સામાન્યજ્ઞાનની ઘણી શાખા છે, જેમકે વર્તમાન પ્રવાહો, ફેશન, સ્વાસ્થ્ય, આર્ટ્સ, વિજ્ઞાન, રમતગમત, સંસ્કૃતિ, રાજકારણ, ફિલ્મ, ઈતિહાસ, ભૂગોળ, કલા વગેરે વગેરે. સામાન્યજ્ઞાન એ માનવીય જીવનનું અગત્યનું પાસું છે. આપણી આસપાસ બનતી ઘટનાઓ કે સામાન્ય બાબતોથી વિશે જો આપણી પાસે થોડુંઘણું જ્ઞાન ન હોય તો આપણો સમાવેશ મૂર્ખ વ્યક્તિમાં થાય. ઉપરાંત આપણે તંદુરસ્ત ચર્ચામાં ભાગ નહીં લઈ શકીએ, આપણે આપણો મત પણ નહીં દર્શાવી શકીએ, બીજાં શું કહે છે તે પણ ઊંડાંણપૂર્વક સમજી નહીં શકીએ.યોગ્ય નિર્ણય લેવામાં પણ મુશ્કેલી પડશે, બીજા વ્યક્તિને સલાહ પણ નહીં આપી શકીએ, સમૂહમાં બેટા હોઈશું તો પણ આપને એકલા અટૂલા પડી જઈશું.

સામાન્યજ્ઞાનનું આપણા જીવનમાં ખૂબ જ મહત્ત્વ છે. આપણામાં સામાન્યજ્ઞાન પૂરતાપ્રમાણમાં હશે તો દરેક ક્ષેત્રમાં આપણી જીતની શક્યતા વધી જાય છે, સમૂહના લોકો આપણને માનની નજરે જૂએ છે. વિવિધ વિષયના સામાન્યજ્ઞાનના કારણે આપણું વ્યક્તિત્ત્વ નીખરી ઉંઠે છે,લોકો આપણો સમાવેશ બુદ્ધિશાળી વ્યક્તિમાં કરે છે.લોકો આપણી પાસે સલાહ લેવા દોડી આવે છે, જેના કારણે સમાજમાં આપણા માનમોભો વધે છે. વિદ્યાર્થીઓ, ગૃહિણી, નિવૃત વ્યક્તિ, વ્યાવસાયિકો,નોકરીયાતો, ઉદ્યોગોના માલિક હોય કે નોકર હોય દરેકને સામાન્યજ્ઞાન પોતાના ધંધામાં અને જીવનમાં સફળતા અપાવે છે. સામાન્યજ્ઞાન આપના વૈયક્તિક અને સૈદ્ધાંતિક વિકાસ કરવામાં મદદ કરે છે. સામાન્યજ્ઞાન દુનિયાને જોવાની, સમજવાની અને વિશ્લેષણ કરવાની સૂઝ આપે છે. સામાન્યજ્ઞાન એ આપણા વિચારોને ખિલવે છે. સામાન્યજ્ઞાન આપના આત્મવિશ્વાસને વધારવામાં મદદ કરે છે અને આપના જીવનની અગત્યની ઘટના દરમિયાન મદદરૂપ તાય છે, જેમકે ઈન્ટરર્વ્યુ . આપનામાં જો સામાન્યજ્ઞાન હશે તો આપણે ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તેની સાથે, ગમે તે વિષય પર ચર્ચા કરી શકો છો. આપણામાં રહેલું જ્ઞાન આપણને વાતચીતમાં કુશળ બનાવે છે, જેને કારણે અન્યના મનમાં એવી છાપ પડે છે કે – તમે કંઈક છો. આમ ાાપણી આજુબાજુ રહેલા લોકો પર વર્ચસ્વ જમાવવા અને છાપ છોડવામાં સામાન્યજ્ઞાન ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થી માટે તો શાળા કે કોલેજમાં ક્વીઝની સ્પર્ધામાં વિજય મેળવીને અન્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકોના મનમાં આદરની લાગણી ઊભી કરાવવાનો મોકો સામાન્યજ્ઞાન જ આપી શકે છે. અત્યારના સમયમાં નોકરી વાંચ્છુ ઉમેદવાર માટે સામાન્યજ્ઞાન અત્યંત જરૂરી બની ગયું છે. સામાન્યજ્ઞાનના અભાવે કોઈપણ નોકરી વાચ્છું ઉમેદવાર નોકરી નહીં મેળવી શકે. આવી સ્પર્ધાત્મક પરીક્ષામાં અન્ય વિષયોમાં ઓછા જ્ઞાનના અભાવે જો માર્કસ ઓછા આવે તેમ હોય તો સામાન્યજ્ઞાનમાં વધારે માર્કસ મેળવીને ઉમેદવાર સ્પર્ધામાં ઊંભો રહી શકે છે. નોકરીના ઈન્ટરવ્યુમાં મોટાભાગે વર્તમાન પ્રવાહો અને ચોક્કસ બાબતોમાં તેમના વિચારો વિષયક પ્રશ્નો પૂછવામાં આવે છે, ત્યારે સામાન્યજ્ઞાનના આધારે ઉમેદવાર ઈન્ટરવ્યુ લેનારના મનમાં હકારાત્મક છાપ છોડીને નોકરી મેળવવામાં સફળ થાય છે. પૈસાનું રોકાણ કરવાનું હોય કે પ્રવાસે જવાનું હોય કે અન્ય આયોજન સામાન્યજ્ઞાનને કારણે આપણે સારી અને સફળ રીતે કરી શકીએ છીએ. સામાન્યજ્ઞાનને કારણે આપણે સરળતાથી નક્કી કરી શકીએ છીએ કે આપણા માટે શું સારું છે.

વિવિધ સમૂહ સાથેના વાર્તાલાપના વિષય જુદાજુદા હોય છે. જેમકે,શાળાના વિદ્યાર્થીઓ , કોલેજના વિદ્યાર્થીઓ, સોસાયટી કે મહોલ્લાના સભ્યો, અભણ માણસો , નાની નોકરી કરતા માનસો, ગૃહિણી, નોકરી કરતી મહિલા, દવાખાનામાં વેઇટીંગરૂમમાં, રેલ્વે સ્ટેશન પર, એરપોર્ટ પર વગેરે જગ્યાએ રહેલા વ્યક્તિના રસ સમાન હોતા નથી. ત્યારે જે તે જૂથ સાથે વાત કરવા માટે સામાન્યજ્ઞાન જ આપણને તેમની સમકક્ષ બનાવીને વાત કરવામાં મદદરૂપ થાય છે. પરિણામ સ્વરૂપ આપણું વ્યક્તિત્ત્વ વધારે સામાજિક બને છે. વિવિધ સંસ્કૃતિ ધરાવતા લોકો વચ્ચે અનુકૂળ થવામાં પણ સામાન્યજ્ઞાન મદદરૂપ થાય છે, નહીં તો આપણે બાઘાની જેમ બેસી રહીએ કે ઊભા હોઇએ. આપણા ઘરમાં નાના બાળકો ઘણીવાર સામાન્ય પ્રશ્નો લઇને આપણી સામે આવે છે. ત્યારે આપણા જવાબ દ્વારા આપણે તેમને સંતોષ આપવાનો હોય છે. તે વખતે સામાન્યજ્ઞાન જ આપણને બચાવી શકે છે. શાળામાં થયેલી ચર્ચાઓ કે શાળામાંથી આપેલ હોમવર્ક કે પ્રોજેક્ટ વિષયક બાળકો ઘરના મોટેરાની મદદ લેવા દોડી આવે છે. ત્યારે આપણે આપણા સામાન્યજ્ઞાનને કારણે જ તેમને મદદરૂપ થઇ શકીશું.

સામન્યજ્ઞાનનું મહત્ત્વ જાણ્યા પછી સૌ વ્યક્તિ સામાન્યજ્ઞાનમાં વધારો કરવાનું વિચારશે, તો સામાન્યજ્ઞાન વધારવા માટે શું કરવું જોઇએ ? તે માટે સૌ પ્રથમ તો શક્ય તેટલું વાંચન વધારવું જોઇએ. વિવિધ પ્રકારના પુસ્તકો, સામાયિકો અને સમાચારપત્રો વાંચવા જોઇએ. જ્યારે જ્યારે તક મળે ત્યારે એકલા ન રહેતા વિવિધ સમૂહ કે વ્યક્તિ સાથે બેસવું. આ રીતે થતાં જ વિવિધ પ્રકારના વિષય પર વાર્તાલાપ થશે. જેમાં આપણા વિચારો વ્યક્ત કરવા અને બીજાના વિચારો સાંભળવા. માત્ર આપણે જ બોલબોલ ન કરતા બીજાને પણ બોલવાની તક આપવી. વિવિધ બાબતો વાંચન દ્વારા કે સાંભળીને કે જોઇને જાણવા મળે ત્યારે જે બાબતની નોંધ કરવા જેવી લાગે તેની નોંધ અવશ્ય કરવી. આમ કરતાં ધીમે ધીમે આપણી પાસે સામાન્યજ્ઞાનનો ખજાનો વધતો જશે. વિવિધ માધ્યમો સામાન્યજ્ઞાન વધારવામાં ખૂબ જ અગત્યના થઇ પડે છે. જેમકે સમાચારપત્રો, ટેલિવિઝન, ફિલ્મ વગેરે. જેનો યોગ્ય રીતે યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરવાથી આપણને જ્ઞાન અને મનોરંજન બંને મળે છે.